ક્રિ.કે.નંબર– ૨૦૩/૨૦૧૯

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી : જેશીંગભાઈ દીલીપભાઈ ચૌહાણ,
ઉ.વ. ૨૨, ધંધો–મજુરી ,મુળરહે.રાજકોટ,આજીડેમ પાસે પાવર હાઉસ પાસે ઝુપડ પટી વિસ્તાર,રીલાયંન્સ પેટ્રોલપંપ ની બાજુમા.
હાલ રહે.અગતરાઈ રમાપીરના મંદિર પાસે,અગતરાય,તા.કેશોદ.

ગુનો : ઈ.પી.કો.ક. ૩૦૭,૨૦૩ તથા જી.પી.એકટની કલમ.૧૩૫ મુજબ

---------------------------------------------

## કમીટલ હુકમ

(૧) આ કામના મજકુર આરોપી સામે કેશોદ પોલીસ મથકે થી ફસ્ટ ગુ.ર.નં. ૧૭૩/૨૦૧૮ તળે ઈ.પી.કો.ક. ૩૦૭,૨૦૩ તથા જી.પી.એકટની કલમ.૧૩૫ મુજબ ના ગુના સબબ નું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે. સદર કામે રેકર્ડ જોતા આ કામે આરોપી ઉપર પકડ વોરંટ ચાલેછે તેમજ તેના જામીનદાર વિરુધ્ધ નોટીસ બજવા માટે ચાલે છે.આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ:૩૦૭ મુજબનો મુખ્ય ગુનો કર્યાનો આક્ષેપ છે. સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે હકુમત આ અદાલતને નથી.સદર કામની ઈન્સાફી કાર્યવાહી કરવાની સતા માત્ર નામદાર સેશન્સ કોર્ટને હોય.**Gagan thakur Vs.State of Jarkhand And ors.2004 Cri.LJ 1910** ના નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુંજબ આરોપી હાજર રહેતો ન હોય તો પણ કેસ નામદાર સેશન્સકોર્ટ મા કમીટ થઈ

શકે તે ધ્યાને લેતા,તથા નામદાર સેશન્સ કોર્ટમા ફકત કેસ કમિટ કરવાનો હોય છે આરોપી કમિટ કરવાનો રહેતો નહોય તે ધ્યાને લેતા ક્રી.પ્રો.કોડની કલમ: ૨૦૯ ની જોગવાઈ મુજબ હાલના આરોપી સામેનો કેસ કમીટ કરીને નામદાર સેશન્સ કોર્ટ કેશોદ સમક્ષ મોકલી આપવો જોઈએ તેવુ મારુ નમ્ર પણે માનવુ છે.

(૨). આમ, ઉપરોકત હકીકતે આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતમાં ચલાવી શકાય તેમ ન હોઈ અને ન્યાયીક કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ કોર્ટ ને જ હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) હાલના કેસનું તમામ રેકર્ડ મુદ્દામાલ સાથે ક્રી.પ્રો.કોડની કલમ: ૨૦૯ મુજબ કમીટ કરીને નામદાર સેશન્સ જજ કેશોદ સમક્ષ મોકલી આપવો.

(૨) કેસ રેકર્ડ અને મુદ્દામાલ ફાઈલ વાઈઝ તૈયાર કરી કેસ કમીટ કર્યા અંગે જીલ્લા સરકારી વકીલશ્રીને જાણ કરવી.

હુકમ આજ તારીખ:૧૮ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું .કેશોદ. (વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)

તા.૧૮/૦૮/૨૦૨૫. એડી.ચીફ જ્યુડી.મે.જી.કેશોદ

કોડનં.જીજે૦૧૪૮૪.